S A M V A D E - J O U R N A L

ISSN (Online) :2583-8334

(International Peer-Reviewed Refereed Journal)

Volume 4, Issue-1, January to March : 2026

Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# સંવેદન અને સ્વપ્નની અનુભૂતિ એટલે માતૃભાષા

મોરી આકૃતીબા ભાવસંગભાઈ

એમ.એ., ગુજરાતી ભવન, નંદકુંવરબા મહિલા કોલેજ, ભાવનગર

***સારાંશ:-***

*માતૃભાષા મનુષ્યની સંવેદનાત્મક અને સ્વપ્નનીજ જીવનની શરૂવાતથી જ સબંધિત હોય છે. જે વ્યક્તિની ઓળખનો અવયવ છે,વ્યક્તિની સંવેદનાઓ, સાંસ્કૃતિક વારસા અને સામાજિક અનુભવોને સંવેદિક રીતે પ્રાપ્ત કરવા અતિ મહત્વની ભૂમિકા ભજવે છે. 'સંવેદનાઓ અને સ્વપ્નની અભિવ્યક્તિનો એક સશક્ત માધ્યમ એટલે માતૃભાષા.'*

*સંવેદન એ માનવની સહજ સ્થિતિ છે.જેમાં લોકોની અનુભૂતિ, ભાવનાઓ અને ઈચ્છાઓ પ્રગટ થાય છે. જેમાં માતૃભાષા અતિ મહત્વનો ભાગ ભજવે છે. આથી કહી શકાય કે, સંવાદમાં તું ભરતી મમતા અને નમ્રતા જ્યારે હું તેને શબ્દોથી ફાસી માનભરી તને કહું છું મારી મૌનતા.. આમ, માતૃભાષા એ આંતરિક સમજણનો અનંત તત્વોભર્યો અહેસાસ છે.*

*સ્વપ્નમાં વ્યક્ત થતી સંવેદના સમજવા માટે માતૃભાષા એક મહત્વનો અવકાશ આપે છે. જે સ્વપ્નની ધારણા અને આદર્શોને વધુ સ્પષ્ટ બનાવે છે.આથી કહી શકાય કે, સ્વપ્નની દુનિયા ઘણી વિરાટ છે જ્યાં સંવેદનાઓની વસંત ખીલે છે અને વિચારોની પાંખો મીઠી વિરડી બની ઝીલાય છે તો માતૃભાષામાં જ..*

**'સંવેદન અને સ્વપ્નની અનુભૂતિ એટલે માતૃભાષા '**

માતૃભાષા એ માત્ર વાતચીતનો માધ્યમ જ નથી પરંતુ તે સંવેદના અને સ્વપ્નને વ્યક્ત કરવાની ભાષા છે. જે રીતે વ્યક્તિ પોતાના વિચારો અને લાગણીઓ માતૃભાષામાં વ્યક્ત કરી શકે છે તે રીતે અન્ય કોઈ ભાષામાં કરી શકતો નથી. સ્વપ્ન તે ક્ષણો છે જ્યારે મન અવ્યક્ત હોય છે અને જ્યારે તત્વલોકન અને રોશનતા ભેગા થાય છે ત્યારે માતૃભાષા એ સુષુપ્ત સર્જનાત્મકતાને સારી રીતે બહાર લાવે છે.જેને આધારે કહી શકાય કે 'માતૃભાષા વ્યક્તિના જીવનનો અરીસો છે.'

માતૃભાષા એ માનસિક અને ભાવનાત્મક વાતચીતના સ્ત્રોત તરીકે કાર્ય કરે છે અને ભાષા વિદ્યાના અનુસંધાને મહત્વપૂર્ણ બની છે આથી આંતરિક મનોવિજ્ઞાનની દ્રષ્ટિએ અલગ અલગ સંવેદનાઓ અને સ્વપ્નને વધુ સ્પષ્ટ માતૃભાષા જ બનાવે છે. સંવેદનાઓ માનવીની ભાવનાઓ અને આત્મવિશ્વાસના પાસાઓ સાથે જોડાયેલી હોય છે,જ્યારે સ્વપ્ન એવી અવસ્થા છે જેમાં અવચેતન મનની પ્રવૃત્તિઓ દેખાઈને વ્યક્તિત્વ અને મનોવિજ્ઞાનિક પરિપ્રેક્ષ્યમાં ઉભો કરે છે. આ પ્રગટ થયેલા અનુભવો અને પ્રવૃત્તિઓ માતૃભાષાના માધ્યમથી જ સુલભતા ભર્યા વ્યાખ્યાયિત અને પ્રગટ થાય છે તેને સાહિત્ય જગતમાં સંવેદના અને સ્વપ્નના અનુભવોની કલ્પના પાર્થ અને વ્યક્તિત્વની ઊંડી અંતરમુકતા જોવા મળે છે જેમ કે,

"અંધારામાં પ્રકાશ" કાવ્યમાં કવિ નંદકિશોરે આશાવાદ સંકેત પોતાની માતૃભાષામાં આલેખી સંવેદના અને સ્વપ્નાની બિનમૂલ્ય અને સાહસિક ભાવનાને અતિ સહજતાથી આલેખી છે.

તે જ રીતે પ્રહલાદ પારેખ પણ માતૃભાષામાં તેની સર્જનાત્મકતા અતિજીવંતતાભરી દર્શાવે છે, "આજે અમે અંધારું શણગાર્યું. "જેમાં તેમણે અંધારામાં ઇન્દ્રિયો કેવી રીતે સતેજ બની જાય છે. મનુષ્ય પોતાની જાતને અંધારામાં જોઈ શકે છે. તેવી અજવાળતી વાત આલેખી

છે.સાહિત્ય અને સર્જનાત્મક અભિવ્યક્તિ એ વ્યક્તિના આંતરિક અને ભાવનાત્મક વિશ્વને પ્રગટ કરવા માટે માતૃભાષા મહત્વની ગાઢ ભૂમિકા ભજવે છે. માતૃભાષાના અક્ષરોથી હું સંવેદનાઓને વ્યક્ત કરું છું. સ્વપ્નોની દુનિયામાં વાચા જ છે જે ચમકે છે. આમ તત્વોમાં સત્વ ભળે એટલે માતૃત્વ પ્રગટે, શબ્દોનો લીલો પાલવ ઓઢી અને વાક્યો થકી લાગણીની સરિતા વહેતી કરતી મારી નિર્મળ માતૃભાષા એટલે ગુજરાતી

"સદા સૌમ્ય શી વૈભવે ઉંભરાતી, મળી માતૃભાષા મને ગુજરાતી.."

(ઉમાશંકર જોશી )

આમ માતૃભાષા એ માનવીના તર્કમાં, તેની ભાવનાઓમાં અને તેની ભાષાની અભિવ્યક્તિમાં અતિ મહત્વતા ધરાવે છે.અને તે મનના આંતરિક પરિપ્રેક્ષ્યને એક નવી દ્રષ્ટિથી જોવાનું શીખવાડે છે. જેથી કહી શકાય કે, માતૃભાષા એવી ઊંચાઈ છે, જ્યાં આપણે આપણા સૌથી ઊંડા સ્વપ્ન અને લાગણીઓ બહાર લાવીએ છીએ.

માતૃભાષામાં બેસેલી હતી તે જિંદગીની ઊંચાઈ, જે સ્વપ્નોમાં સજી હકીકત બનતી.

(સ્વરચિત)

જ્યારે સંવેદનાની અનુભૂતિ એટલે માતૃભાષા તેમ કહેવામાં આવે ત્યારે મારી માતૃભાષા ગુજરાતી કે જેને સર્જક પોતાના વ્હાલભર્યા શબ્દોથી લાડ લડાવે છે ત્યારે કહે છે :

"આવ ગીરા ગુજરાતી! તને અતિ શોભિત હું શણગાર સજાવું..."

દલપતરામ આ કાવ્યમાં માતૃભાષાને અતિ લાગણીસભર લાડ લડાવે છે. જે એક નવી ઉત્સુકતા જન્માવે છે. તે જ રીતે જોઈએ તો,

"મેં તારા નામનો ટહુકો અહીં છાતીમાં રાખ્યો છે, ભૂંસાવા ક્યાં દીધો કક્કો, હજી પાટીમાં રાખ્યો છે, મલક કંઈ કેટલા ખૂંદ્યા, બધાની ધૂળ ચોંટી પણ હજુયે મારો ધબકારો મેં ગુજરાતીમાં રાખ્યો છે." ( રઈશ મનીઆર )

આમ સર્જક માતૃભાષા પ્રત્યે પોતાની લાગણીઓને વ્યક્ત કરે છે. અને માતૃભાષા ગુજરાતી હોવાનો ગૌરવ અનુભવે છે જે તેની સર્જનાત્મક શૈલીથી કહી શકાય કે સંવેદનાની અનુભૂતિ માતૃભાષામાં જ થાય છે. દુનિયાભરના કોઈપણ ખૂણામાં હોવા છતાં તેમના દિલનો ધબકારો તો ગુજરાતી જ રહેશે. આમ સંવેદના અને સ્વપ્નોને હકીકતમાં સજાવતી મારી માતૃભાષા ગુજરાતી પર સદા હૈયું હરખાતું રહેશે.

"દૂધ નહીં તો પાણી દે, ડોલ મને કાં કાણી દે;

તગતગતી તલવારો દે, યા ગુજરાતી વાણી દે.!"

(હરનામ ગોસ્વામી)

આમ સર્જકોની સર્જનાત્મક શૈલીથી જાણી શકાય કે 'સંવેદન અને સ્વપ્નની અનુભૂતિ એટલે -ાતૃભાષા.. કે જ્યાં પોતાની લાગણીઓને સરળતાપૂર્વક જણાવી શકાય છે. આમ મારી માતૃભાષા જરાતી પર મને અઢળક ગૌરવ છે.

"એ જ વાતથી ગજ ગજ ફૂલે છાતી; હું ને મારી ભાષા બન્ને ગુજરાતી.!"

(વિનોદ જોશી)

**મનોવિજ્ઞાનીકના મત મૂજબ માતૃભાષા નો મત:**

Interpretation of Dreams' માં ફ્રોઈડ જણાવે છે કે અજાગ્રત મન પ્રતીકો અને મૂળભૂત સ્મૃતિઓનો ઉપયોગ કરે છે, જે માતૃભાષામાં સૌથી વધુ સક્રિય હોય છે.

ભાષાકીય સાપેક્ષતાનો સિદ્ધાંત દર્શાવે છે કે જે ભાષા આપણે બોલીએ છીએ તે આપણી દુનિયા જોવાની દ્રષ્ટિ નક્કી કરે છે.(સપીર-વોર્ફ પરિકલ્પના) આમ, મનોવિજ્ઞાનીકના મત મૂજબ પણ માતૃભાષા જ વ્યક્તિત્વ વિકાસ મા અગત્યતા ધરાવે છે.

જ્યારે વ્યક્તિ ઊંડી નિદ્રામાં હોય છે, ત્યારે મગજ જટિલ તર્ક છોડીને મૂળભૂત સંવેદનાઓ પર આવે છે.ત્યારે બહુભાષી વ્યક્તિઓ પણ સપનામાં માતૃભાષામાં સંવાદો અનુભવે છે. સંવેદનાત્મક ગ્રહણ શક્તિ માતૃભાષામાં બોલાતા શબ્દો (દા.ત. 'માં', 'ઘર', 'પ્રેમ') મગજમાં ત્વરિત ડોપામાઇન અથવા ઓક્સિટોસિન મુક્ત કરે છે, જે અન્ય ભાષાના સમાન શબ્દો (Mother, Home, Love) કરતા વધુ તીવ્ર હોય છે.આમ,સર્જનાત્મક સપનાઓ અને અંત:પ્રેરણા માતૃભાષામાં વધુ સ્પષ્ટ હોય છે.સંવેદનની ભાષા તરીકે ગુજરાતી સાહિત્યમાં સંવેદનાના ત્રણ

મુખ્ય સ્તરો તપાસવા:શબ્દ-વૈભવ: 'મમતા', 'વળામણો', 'મીઠો હોંકારો' - આ શબ્દો જે સંવેદન જગાડે છે તે માતૃભાષાની વિશિષ્ટતા છે.લય અને છંદ: ગુજરાતી ગઝલ અને ગીતોમાં સંવેદનાનો જે હિલોળ છે (દા.ત. રમેશ પારેખની કવિતા), તે અજાગ્રત મન સાથે સીધો સંવાદ કરે છે.પ્રતીક વિધાન: સપનામાં આવતા ગુજરાતી પરિવેશના પ્રતીકો (જેમ કે વડલો, પાદર, નદી) સાહિત્યમાં સંવેદનાને ઘેરી બનાવે છે.

સાહિત્યમાં માતૃભાષાનો પ્રયોગ વાચકના અજાગ્રત મનને જલ્દી સ્પર્શે છે.ગુજરાતી સર્જકોએ સ્વપ્નને માત્ર કલ્પના નહીં પણ 'વાસ્તવિકતાના વિસ્તરણ' તરીકે આલેખ્યું છે. ગુજરાતી સાહિત્યમાં 'સ્વપ્ન અને સંવેદન' એ ભાષાના માધ્યમથી આત્મા સુધી પહોંચવાનો માર્ગ છે. માતૃભાષા એ સંવેદનાનું ભૌતિક શરીર છે, જેના વગર ભાવની અભિવ્યક્તિ અધૂરી છે.

**સંદર્ભ :**


- કેફીયત (2020)
- નંદકિશોર, પ્રહલાદ પારેખ, રઈશ મનીઆર, ઉમાશંકર જોષી, હરનામ ગોસ્વામી, વિનોદ જોશીની કવિતા
- ભાષા અને ઉપન્યાસ(2022)